ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૦ ટકા

# શીતળા સાતમે શહેરના પર્યટન સ્થળો પર માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૨

શીતળા સાતમની ઉજવણી નગરજનોએ ધામધુમથી કરી હતી. મંદિરે જઈ માતાજીના દર્શન તેમજ પૂજા-અર્ચના કરી હતી. જયારે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર ભજન તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. તો બીજીતરફ શીતળા સાતમના તહેવારના દિવસે ઠંડુ ખાવાનું હોવાથી રસોઈમાં બહેનોને એક દિવસની રજા હોય છે. ત્યારે રવિવાર અને રજાનો સંયોગ થતા શહેરના પર્યટન સ્થળો પર ભારે ભીડ જામી હતી. શહેરના માર્ગો પર ભારે વાહન વ્યવહાર જોવા મળ્યો હતો.

શ્રાવણ માસનો પ્રારંભ થતા જ તહેવારોની મૌસમ ખીલી ઉઠે છે. તહેવારોના પગલે નાગરીકોમાં પણ અનેરી ચેતના પ્રગટે છે. શીતળા સાતમ અને રવિવારની રજાને પગલે ગાંધીનગર શહેરના પર્યટન સ્થળો પર સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી હતી. જેમાં સેકટર-૨૮ ગાર્ડન, અક્ષરધામ મંદિર, સેકટર-૧ તળાવ, સરિતા ઉદ્યાન, પ્રકૃતિ ઉદ્યાન, ઘ-૪ ગાર્ડન, મહાત્મા મંદિર સહિતના સ્થળો પર પર્યટકોનો તેમજ નગરજનોનો ભારે ધસારો રહ્યો હતો. જયારે કેટલાક નગરજનોએ ગાર્ડનમાં બેસીને વન ભોજનની મજા માણી હતી. શહેરના વિવિધ પર્યટન સ્થળો પર બાળકો તેમજ મોટીવયના નાગરીકો પણ અવનવી રમતો રમતા નજરે પડ્યા હતા. શહેરમાં રજાનો દિવસ હોવા છતા નગરના માર્ગો પર વાહન વ્યવહારનો ધસારો જોવા મળ્યો હતો.



ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં સ્થિત પંચદેવ મંદિરનું જેટલું મહત્ત્વ આમ દિવસોમાં છે તેટલું જ મહત્ત્વ તહેવારના ખાસ દિવસોમાં પણ છે. મોટા તહેવારો નિમિત્તે અહીં ઉજવાતા મેળાની સુવાસ જિલ્લાભરમાં પ્રસરેલી છે અને જિલ્લાભરમાંથી ભાવિકો મેળાની મજા લેવા માટે અહીં આવે છે. જન્માષ્ટમી નિમિત્તે પણ પંચદેવ મંદિર ખાતે મેળાનું આયોજન કરવામાં આવે છે અને મોટી સંખ્યામાં ભાવિકો અહીં મેળાની મુલાકાતે તથા મંદિરના દર્શનાર્થે આવે છે. રવિવારે મેળાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

# સૌના હૈયે છવાયો ઉમંગ, હેતે ઉજવીશુ કૃષ્ણજન્મ પ્રસંગ



‘નંદ ઘરે આનંદ ભયો, જય કનૈયા લાલ કી’, જન્માષ્ટમીના પાવનપર્વે આ જયઘોષ ચોતરફ ગૂંજી ઉઠશે. નટખટ કાનુડાના કામણથી સંસારમાં સૌ કોઈ મોહિત છે અને સૌના હૈયે મુરલી મનોહર મોહનને વધાવવાનો ઉમંગ છલકાઈ રહ્યો છે. અગણિત પરિવારો જન્માષ્ટમીનું પર્વ પોતાના ઘરે પરિવાર સાથે સમૂહમાં ઉજવે છે અને કૃષ્ણજન્મ માટે વાતાવરણ ખડું કરવા અનોખા શણગાર સજાવે છે. ગાંધીનગરના ચ માર્ગ પર બાઈક પર સવાર શ્રધ્ધાળુઓ કાન્હાના જન્મોત્સવને ઉજવવા શણગાર લઈને જઈ રહ્યા છે તે દશ્ય આ વાતની પ્રતિતિ કરાવે છે.

# આવતીકાલથી ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ વિભાગ હિન્દી પખવાડિયું ઉજવશે

ગાંધીનગર ખાતેના ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ વિભાગ દ્વારા તા. ૪થી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન ‘હિન્દી પખવાડિયા સમારોહ’નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહ દરમિયાન વિવિધ પ્રકારના કાર્યક્રમો તથા સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં કાર્યાલયના અધિકારીઓ, કર્મચારીઓ તથા જીએસઆઈ કોલોનીમાં રહેતા પરિવારોના શાળાએ જતા બાળકોને ઉત્કૃષ્ઠ પ્રદર્શન માટે સમાપન સમારોહમાં સન્માનવામાં આવશે. આ સમારોહનું આયોજન રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર પ્રસારના હેતુથી કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન તમામ અધિકારીઓ તથા કર્મચારીઓની ઉપસ્થિતિમાં જીએસઆઈના ઉપમહાનિર્દેશક એન.વી. નિતનવરે દ્વારા કરવામાં આવશે.

# ઘ-૫ ફૂડકોર્ટ એસોસિએશનના પ્રમુખપદે મનોજકુમારની વરણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૧૬માં ઘ-૫ નજીક સ્થિત ફુડકોર્ટના વેપારીઓની બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ફુડકોર્ટ એસોસિએશનના પ્રમુખ પદે એવન ફાસ્ટફુડના મનોજભાઈ પ્રજાપતિની નિયુકિત કરવામાં આવી છે. તમામ વેપારીઓ દ્વારા તેમને અભિનંદન સાથે શુભેચ્છા પણ પાઠવવામાં આવી હતી તથા ફુડકોર્ટના વેપારીઓના પ્રશ્નો અંગે અવાજ ઉઠાવવા કાર્યરત બને તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.



# સમાજ ભવન માટે જમીન ફાળવવા વણકર સમાજની માંગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં વસતા દરેક સમાજોના ઉત્કર્ષ માટેના કાર્યો કરવા સમાજ ભવન બનાવવા માટે સરકાર દ્વારા રાહત દરે જમીન ફાળવવામાં આવી છે. જે તે સમાજ દ્વારા તેના પર ભવનો નિર્માણ કરવામાં આવ્યા છે. પરંતુ ગાંધીનગર શહેરમાં વસતીની દ્રષ્ટિએ બીજા ક્રમે આવતા વણકર સમાજને પોતાનું ભવન બનાવવા જમીન નહી ફાળવીને વણકર સમાજ પ્રત્યે સરકારે ઓરમાયું વર્તન દાખવ્યું છે. વણકર સમાજને પાંચ હજાર ચોરસ મીટર જમીન ફાળવવાની માંગણી નહીં સંતોષાતા વર્ષ-૨૦૧૩-૧૪માં સંસ્થા દ્વારા બે માસ સુધી ઉપવાસ આંદોલન કર્યા છતા તંત્ર દ્વારા હકારાત્મક નિર્ણય ના લેવામાં આવતા આગામી તા. ૨-૧૦-૧૮ને ગાંધી જયંતિના દિવસે ગાંધી ચિંધ્યામાર્ગે પ્રતિક ઉપવાસ, રેલી અને આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સમાજની ન્યાયી માંગણીઓ માટેના કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક સેકટરના વણકર ભાઈ બહેનોને હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે. તેમજ વણકર ભવનની માંગણીને બુલંદ બનાવવા માટે સેકટરોમાં બેઠકોનું આયોજન શરુ કરી દેવામાં આવ્યું છે. ત્યારે તા. ૨-૧૦-૧૮ના કાર્યક્રમમાં વણકર સમાજના ભાઈ બહેનોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## @ગાંધીનગર

- જન્માષ્ટમીના કૃષ્ણ ભજન પ્લોટ નં. ૨૨૫ આનંદનગર સેકટર-૨૭ ખાતે બપોરે ૩.૩૦થી ૫ કલાકે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન સે-૨૩ લગ્નવાડી ખાતે શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.
- શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે બપોરના ૨.૪૫થી ૬ કલાક સુધી શ્રીમદ ભાગવત ગીતાના ૧૮ અધ્યાયનું સળંગ પઠન કરવામાં આવશે.
- સે-૩-ન્યુ શિવશકિત મંદિર ખાતે રાત્રે ૯.૩૦ કલાકે રાસ ગરબા ૧૨ કલાકે શ્રીકૃષ્ણજન્મ હિંડોળા દર્શન અને રાત્રે ૧૨.૩૦ કલાકે મટકી ફોડ કાર્યક્રમ યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ અમરીશકુમાર નારણભાઈ, ઉ.વ. ૪૭
- સ્વ. પટેલ દિવાળીબેન કાન્તિભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. વ્યાસ અલકાબેન અનીલભાઈ, ઉ.વ. ૫૬
- સ્વ. બારોટ કેતનકુમાર માણેકલાલ, ઉ.વ. ૩૮
- સ્વ. મણીબેન છગનભાઈ ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. રાણા શંકરજી પુનમાજી, ઉ.વ. ૬૭

# સિસિકાએ વિશિષ્ટ સધ્ધિ પ્રાપ્ત નાગરિકોનું સન્માન કર્યુ





ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં માસિક સભાના સમાપન પ્રસંગે વિવિધ ક્ષેત્ર જેવા કે રમતગમત, શૌર્ય, સાહસ, પરાક્રમ, પ્રમાણિકતા અને કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ નગરજનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રમતગમત ક્ષેત્રે પર્વ કેયુર શાહ તથા કાંતિભાઈ પટેલ, પર્વતારોહણ ક્ષેત્રે અક્ષય પટેલ, ચિત્રકામમાં આસ્થા ગજ્જર વગેરેને સન્માનવામાં આવ્યા હતા. આ સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી છલાંગ મારીને આત્મહત્યા કરવા જઈ રહેલા દર્દીની જીંદગી બચાવનાર ઈન્દ્રજાતસિંહ ચૌહાણ અને અશોકકુમાર તલવાડીનું પણ સન્માન કરાયું હતું. તમામનું સન્માન રજતચંદ્રક, સન્માનપત્ર તથા પુષ્પગુચ્છ અર્પણ કરી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વરિષ્ઠ સભ્ય પૂર્વ કલેકટર એમ.સી. નાયકે નાદુરસ્ત તબિયત છતાં ઉપસ્થિત રહી દરેકનું અભિવાદન સાથે સન્માન કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન કન્વીનર એમ.એમ. શાહે કર્યું હતું જયારે આભારદર્શન હરેશભાઈ ભટ્ટે વ્યકત કર્યુ હતું.

# કલોલ પંથકમાં તરખાટ મચાવનાર બે કેબલ ચોરો ઝડપાયા

## કલોલ તાલુકા પોલીસે બે કેબલ ચોરો અને એક ભંગારીને દબોચી લીધા

ગાંધીનગર, તા. ૨

કલોલ પંથકના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં થોડા સમયથી ખેતરોના બોર કૂવા પરથી કેબલ ચોરતી ટોળકી એ તરખાટ મચાવી દીધો હતો. કલોલ તાલુકા પોલીસે આ કેબલ ચોરોને શોધી કાઢવા બાતમીદારો સક્રિય કર્યા હતા. તે દરમિયાન મળેલી બાતમીના આધારે કલોલ તાલુકા પોલીસની ટીમે સોજા ગામ પાસેથી ચોરેલા કેબલના મુદ્દામાલ સાથે કેબલ ચોરતા બે શખ્સોને દબોચી લીધા હતા. આ કેબલ ચોરોના સંપર્કમાં રહેનાર અને મદદગારી કરનાર એક ભંગારીને પણ પોલીસે પકડી પાડયો છે. કલોલ તાલુકા પોલીસે ૩૫ કિલો કોપર વાયર રિકવર કરી આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે.

કલોલ તાલુકા પીઆઈ નીરજ પટેલની સૂચનાથી તેમની ટીમ તેમની હદ વિસ્તારમાં સક્રિય થયેલા કેબલ ચોરોને પકડવા દોડતી થઈ હતી ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં તરખાટ મચાવનાર આ કેબલ ચોર બે શખ્સોને પકડી પાડવામાં કલોલ તાલુકા પોલીસને સફળતા મળી છે. બાતમીના આધારે સોજા ગામના બંને કેબલ ચોરોને પોલીસે ગામમાંથી જ પકડી પાડ્યા હતા. પોલીસે વિનોદ ઉર્ફે ભૂરો વિક્રમ અમૃત દંતાણી અને પ્રકાશ ઉર્ફે પકો નીરુ ગિરધારી દંતાણી બંને કેબલ ચોરોને



ચોરી કરેલા ૨૦ કિલો કેબલ વાયરના મુદામાલ સાથે દબોચી લેવામાં આવ્યા હતા. અગાઉ પકડાયેલા બંને આરોપીઓની રિમાન્ડ દરમિયાન કરવામાં આવેલી પૂછપરછમાં અન્ય ત્રણ વ્યક્તિઓનાં નામ બહાર આવ્યા હતા. સોજા ગામનાં ભાનુ ઉર્ફે અર્જુન બાબુ ઠાકોર, ચંદુ ભીખા ઠાકોર અને મેલા ભીખા ઠાકોર મળી ત્રણેય આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ કેબલ ચોરો સાથે સંકળાયેલો સોજા ગામનો ભંગારી ભેરુ હુકમજી ગુર્જર નામના શખ્સને પણ ૧૫ કિલો કોપર વાયર સાથે ધરપકડ કરી લેવામાં આવી છે.

# ‘બાળકો મનથી ભણે અને ઉત્તમ નાગરિક બને તે જ મારો ધ્યેય’

## કુકરવાડાના શૈલેષ પટેલ બ્રેઈન યોગા થકી બાળકને માઈન્ડપાવર ખિલવવાની તાલીમ વિના મૂલ્યે આપે છે : પોતે ધો-૧૨ નાપાસ હોવા છતાં સ્વામી વિવેકાનંદથી પ્રેરિત થઈ કુશળતા પ્રાપ્ત કરી ૧૪ વર્ષ ટ્યુશન કર્યા પછી અનોખી શિક્ષણ સેવા આરંભી છે




ગાંધીનગર, તા.૨

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ તા. ૫મી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. એક સાચો શિક્ષક સમાજની અને રાષ્ટ્રની તાસીર બદલી શકે છે તે સૌ જાણીએ છીએ. સાચો શિક્ષક માત્ર કોઈ પદવીધારી વિદ્વાન જ હોય તે જરુરી નથી. ગાંધીનગરથી નજીકના કુકરવાડાના શૈલેષભાઈ પટેલે ધોરણ-૧૨માં નાપાસ હોવા છતાં એક શિક્ષણ જગતમાં બાળકોને મનથી શકિતશાળી બનાવી આગામી પેઢી શૈક્ષણિક રીતે ‘સુપર પાવર’ બનાવવાની એવી ધૂણી ધખાવી છે કે રાજયપાલ અને મુખ્યમંત્રી સુધ્ધાં તેમને બિરદાવી ચૂકયાં છે તેઓ કહે છે કે ‘જો એક આતંકવાદી ટ્રેનર જીવ લેનાર મરણીયા આતંકવાદીઓ તૈયાર કરી શકે તો હું શા માટે દેશપ્રેમી, શિક્ષિત અને સંસ્કારી તથા બુધ્ધિશાળી બાળકો તૈયાર ના કરી શકું?’

કુકરવાડાના ખેત મજૂર મફતલાલ અને તેમના ગૃહિણી પત્નિ શકરીબેનના બે દિકરામાં સૌથી મોટા દિકરા શૈલેષભાઈ ૧૯૯૫માં ધો-૧૨ સાયન્સમાં નાપાસ થતાં નાસીપાસ થયા હતા પરંતુ તેમના એક શિક્ષિકાના પ્રોત્સાહનથી તેઓ જીવનની લડાઈ લડવા તૈયાર થયા. અભ્યાસ છોડીને થોડો સમય છુટક વ્યવસાય અને નોકરી કરી જોઈ પરંતુ ફાવટ આવી નહીં. છેવટે જાતે અભ્યાસ કરીને ધોરણ-૧૧ અને ૧૨ના અંગ્રેજી વિષયમાં કુશળતા ખિલવી જેના સહારે તેમણે ગામમાં ટ્યુશન કલાસીસ શરૂ કર્યા જે થોડા જ સમયમાં સારા પરીણામને કારણે નામના મેળવતા જામી ગયા હતા. આ દરમિયાન તેઓ સતત પ્રેરણાત્મક અને માઈન્ડ પાવર તેમજ યોગાભ્યાસના પુસ્તકો વાંચતા હતા તથા જાણીતા મોટિવેશનલ ટ્રેનરોના કાર્યક્રમોમાં પણ જોડાઈ તાલીમ મેળવતા હતા. શૈલેષભાઈ સ્વામી વિવેકાનંદથી ખૂબ પ્રભાવિત હતા. વર્ષ ૨૦૦૪માં તેમના રીનાબેન સાથે લગ્ન થયા અને ૨૦૦૫માં પ્રથમ સંતાન અવતર્યું પરંતુ હૃદયના ધબકારાની તકલીફના કારણે આ બાળક લાંબુ જીવી શકયું નહીં. બીજી તરફ ટ્યુશન સાથે તેમની ખ્યાતિ વધવા સાથે તેમણે ચરાડાની કે.જી. હાઈસ્કૂલમાં ધો-૧૧-૧૨ના વિદ્યાર્થીઓને અંગ્રેજી શિખવવાની માનદ સેવા પણ આપવાનું ચાલુ કર્યું. બે વર્ષની આ સેવા દરમિયાન તેમણે શાળામાં બાળકોને માઈન્ડ પાવરની ટેકનક શિખવતો બ્રેઈન યોગાનો એક કાર્યક્રમ યોજયો જેનાથી પ્રભાવિત થઈ આચાર્ય બાબુભાઈ ચૌધરીએ આ પ્રકારના કાર્યક્રમ ચાલુ રાખવા પ્રેરિત કર્યા અને ત્યારથી તેમને બાળકોને મનની શકિત ખિલવવા



તાલીમ આપવાની ધૂન ચઢી અને અત્યાર સુધીમાં તેઓ ૬૦૦ શાળાઓમાં આ પ્રકારના બ્રેઈન યોગ થકી માઈન્ડ પાવરની તાલીમ આપતા કાર્યક્રમો તદ્દન વિના મૂલ્યે કરી ચૂકયા છે.

વ્યકિતનું અર્ધજાગ્રત મન અપાર શકિતઓ ધરાવે છે અને તેના યોગ્ય ઉપયોગ વડે ધાર્યા પરિણામ હાંસલ કરી શકાય છે તેવું જાણી ચુકેલા શૈલેષભાઈએ ૧૪ વર્ષ સુધી કરેલા ટ્યુશન કલાસ પણ બંધ કરી દીધા અને પોતાની કમાણી દાવ પર લગાવી દીધી. આ દરમિયાન ૨૦૧૭માં ૧૨ વર્ષે પત્નિ ફરી ગર્ભવતી બની અને પાંચમા મહિને ખબર પડી કે પત્નિને હૃદયનો વાલ્વ સાંકડો છે તબીબોએ માતા અથવા બાળક બંનેમાંથી એકને જ બચાવી શકાશે તેવું જણાવી દીધું પરંતુ શૈલેષભાઈએ સતત પત્નિને માઈન્ડ પાવરની તાલીમ સાથે એવી પ્રેરણા પુરી પાડી કે નિર્વિધ્ને પુત્રનો જન્મ થયો અને આજે માતા અને પુત્ર બંને તંદુરસ્ત છે. પોતાની વિધવા માતા તથા પત્નિ-પુત્ર સાથે ભાડાના મકાનમાં રહેતા શૈલેષભાઈ છેલ્લા પાંચ છ વર્ષથી રોજ પોતાનું જુનું બાઈક લઈને કાર્યક્રમ કરવા શાળાએ શાળાએ ફરે છે, સંચાલકોને સમજાવી કાર્યક્રમની અનુમતિ મેળવે છે અને પછી બાળકોને તાલીમ આપે છે. આ શૈક્ષણિક સેવાયજ્ઞમાં તેમણે પ્રથમ ૫૦૦ કાર્યક્રમ માટે એક પૈસો દાન કે પુરસ્કાર વિના જ કરીશ તેવો નિર્ધાર કર્યો હતો અને તે મુજબ પાલન પણ કર્યું. આમ છતાં જો કોઈ પુરસ્કાર મળ્યો હોય તો તે જે તે સંસ્થાને જ દાનમાં પરત આપી દીધો અને ગાંઠનું ગોપીચંદન કરી આદર્શ શિક્ષણ સૈનિકની જેમ ઈમાનદારીપૂર્વક સેવા કરી. ૫૦૦ કાર્યક્રમ પછી પણ તેમણે માત્ર ખર્ચ પુરતું દાન સ્વીકારવાનું ચાલુ કર્યું છે કારણકે આ સેવામાં તેઓ આર્થિક રીતે ખૂબ જ ઘસાઈ ચૂકયા છે.

બાળક જેવી જ નિર્દોષતા ધરાવતા અને તે જ રીતે તાલીમ આપતા શૈલેષભાઈએ જે તાલીમ પ્રોગ્રામ તૈયાર કર્યો છે તેમાં સૌથી વધુ સ્વામી વિવેકાનંદના જીવનચરિત્રના પ્રસંગો અને તેમણે સૂચવેલા પ્રયોગોનો સમાવેશ કર્યો છે તે ઉપરાંત અન્ય જાણીતા મોટીવેશનલ ટ્રેનરોની ટેકનિક અને યોગ ગુરુઓની તાલીમનું સુમેળભર્યું મિશ્રણ ઉમેર્યુ છે. તેઓ કહે છે કે ‘મારો ધ્યેય બાળકો તેમના મનની શકિતને જાણીને મજાથી આનંદથી ભણતા થાય, યોગ્ય ટેકનિકનો ઉપયોગ કરી કળા-કૌશલ્ય સહિતની આવડતને ખિલવે તેમજ પોતાની પ્રતિભા વિકસાવી દેશસેવા તથા સમાજસેવાના સંસ્કાર ધરાવતા ઉત્તમ નાગરિક બને તેવો છે.’ પોતાના ઘર-પરિવારને ચલાવવાની જવાબદારી જાણે ઈશ્વર પર છોડી સેવાના ભેખધારી એવા શૈલેષભાઈ પાસે શિક્ષણ વિભાગનો કોઈ પરિપત્ર કે મંજૂરી ના હોવાથી શાળાઓમાં કાર્યક્રમ કરવામાં અનેક મુશ્કેલીઓ પડી પરંતુ આ બધી પાર કરી સ્વામી વિવેકાનંદની વિચારધારાને જાગૃત કરી ભારતીય સંસ્કૃતિની દિવ્ય જયોતને પ્રજવલ્લિત કરવા કટિબધ્ધ એવા આ શિક્ષણ સૈનિક હવે પિતાની છત્રછાયા ગુમાવી ચુકી હોય તેવી દિકરીઓના અભ્યાસ માટે આર્થિક સહયોગની વ્યવસ્થા કરવાની નેમ ધરાવે છે અને તે માટે પ્રયાસો આરંભી દીધા છે, આવા અનોખા શિક્ષકને જરૂર છે તો માત્ર સમાજના હૂંફાળા સહકારની.

**- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com**